# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

○ શાસન સુભટ ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# શાસન સુભટ

ભગવાન કરતાં પણ અપેક્ષાએ શાસન મહાન છે.

ભગવાન પોતે પણ સમવસરણમાં બેસતાં પહેલાં "નમો તિત્થસ્સ" કહીને તીર્થ(શાસન)ને નમસ્કાર કરે.

તો આવું કલિકાલ કલ્પતરૂ "જિનશાસન" અમૂલ્ય છે.

જૈનધર્મની રક્ષા એ એક અત્યંત મહત્વનું કાર્ય છે. જે વ્યક્તિ ભગવાનના શાસનને ચાહે છે તે પોતે શાસન માટે બધું કરી છૂટવા તૈયાર થાય છે. આજે જ્યારે ચારેબાજુ ભ્રષ્ટાચાર-વ્યભિચાર-અનાચારો વધી રહ્યા છે અને લોકો પ્રભુના શાસનથી દૂર થતાં જાય છે ત્યારે શાસનની રક્ષા કરનાર ભાવનાશીલ વ્યક્તિઓની તાતી જરૂર છે. ઘણાને કાર્ય કરવાની તીવ્ર ભાવના છે છતાં પણ યોગ્ય માર્ગદર્શન-પ્રેરણા-સપોર્ટ ન મળવાથી પોતાના મનની વાત મનમાં રહી જાય છે. આવું એક આયોજન અત્રે રજુ કરું છું. તમે પોતે જ આ કાર્ય ઉપાડો. બીજાનો સપોર્ટ મળે તો વાહવાહ નહિંતર જો તમે આ કાર્ય શરૂ કરશો તો તમને સફળતા જરૂર મળશે. મારા પરોપકારી ગુરૂદેવશ્રી પં. ચન્દ્રશેખર વિ. મ.સા.ની આ કાર્ય કરવાની ખૂબ ભાવના હતી. આ કાર્ય કરવાનો સંકલ્પ કરો. સફળતા અને સિદ્ધિ તમારી રાહ જુવે છે. એક હિંમત કરી આગે બઢો. એક વાત નક્કી છે કે કાર્ય કરનાર જો leadership લે તો પાછળ સેના તૈયાર છે. સેનાપતિ, captain દુર્લભ છે. તમે નક્કી કરો મારે જ અને મારે જ આ કાર્ય કરવું છે. તો શું રાહ જુવો છો.

કાગળ અને બોલપેન લઇને શરૂઆત કરો પ્રથમ ૪ સ્થાન નક્કી કરવા, શું કરાવવું, ક્યારે જવું તેનું વિવેચન નીચે લખું છું.

You have to give only Sunday and on Sunday only 2 to 3 hrs.

Ok… Be ready "Let's go together"

તમારે પ્રથમ ૪ આજુબાજુના સ્થાન નક્કી કરવા જેમાં તમારી ટ્રસ્ટી સાથે ઓળખાણ હોય, સંઘ થોડોક પરિચિત હોય, જ્યાં લગભગ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો ઓછા આવતા હોય અને તમને જવા-આવવામાં તકલીફ ઓછી પડતી હોય તેવા સ્થાનમાં રહેણાંકનો કાર્યક્રમ રાખવો જેથી નાના-મોટા બન્નેનો કાર્યક્રમ ૧-૧ કલાકનો થઇ શકે. સંઘમાં જાગૃતિ આવે અને વધુમાં વધુ સંખ્યામાં સંઘના સભ્યો જોડાય તેવું કરવું જોઇએ. ટ્રસ્ટી અને કાર્યકર્તાઓ સાથે પ્રેમભર્યો વર્તાવ રાખવો જરૂરી છે. જેથી વારંવાર તમને ત્યાં બોલાવે, ઇનામાદિ કદાચ શરૂઆતમાં તમારે રાખવાની વ્યવસ્થા કરવી પડે પછી તો સંઘમાંથી લાભાર્થી મળી જાય. ૪ સ્થાનમાં ૧-૨-૩-૪ રવિવારનો ક્રમ ગોઠવી શકાય. જેથી Once in a month થાય. બીજા મિત્રો, તમારા સહકાર્યકર વધતા જાય તો સ્થાનો-રવિવારો સંઘ માટે વધારી શકાય. તો આપો તમારો રવિવારનો સમય એક સંઘ માટે અને મેળવો જૈન સંઘનો અદ્ભુત પ્રેમ.

Small Sangh માં Only Sunday two hours.

નીચે પ્રમાણેના રવિવારીય આયોજન કરી શકાય.

સમૂહસામાયિક/અષ્ટપ્રકારીપૂજા/ક્વીઝ-સ્પર્ધા/ ધાર્મિક અભ્યાસ/ Hospital ની મુલાકાત – ફ્રુટ વિતરણ/સસ્તું અનાજ-ગોળનું વિતરણ/રાત્રે ભાવના – આરતી – મંગળદીવો/માતૃ-પિતૃ વંદના/ અન્ય સ્પર્ધાઓ/સરસ્વતી પૂજન/અઢાર અભિષેક/દેરાસર શુદ્ધિ/ ઉપકરણ વંદનાવલી/સારા વ્યક્તિનું સંઘમાં બહુમાન/ભાવયાત્રા/

એક મિનિટ ગેઇમ / પાઠશાળા V/s પાઠશાળા સ્પર્ધા / ગહુંલી-રંગોલી શીખડાવવી/દરેક પ્રોગ્રામનો Social Media થી સંઘમાં જાણ કરવી.

આના સિવાય પણ અન્યત્ર આ પુસ્તકમાં આપેલ અથવા ન આપેલ કાર્યક્રમો શાસ્ત્રની સાપેક્ષતાથી ગોઠવવા. ચાર સંઘ પણ વ્યવસ્થિત કાર્યરત થશે તો તમારો ઉલ્લાસ વધશે.